*This Question Paper contains 20 printed pages.*

Sl.No. 100200

| પ્રશ્નપુસ્તિકાનો કોડ<br>**Question Paper Booklet Code** |
|---|
| **A** |

**S/TAT/337(G)/14**

**(JULY, 2014)**

***Time : 80 Minutes]*** ***[Maximum Marks : 100***

<u>સૂચનાઓ :</u>

1) આ કસોટીમાં કુલ **100** પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ગુણ **1** છે.

2) તમામ કસોટીઓ બહુવિકલ્પ પ્રકારની છે. ચાર વિકલ્પોમાંથી એક જ વિકલ્પ સાચો જવાબ છે, જે ધ્યાનપૂર્વક વાંચી જવા અને **OMR Sheet** ઉપર નિયત સ્થળે તમારો ઉત્તર સાચા વિકલ્પની સામેના વર્તુળને ઘટ્ટ [●] કરીને નોંધવા વિનંતી છે.

3) પ્રશ્નપત્રના મથાળે જમણી બાજુ ખાનામાં પ્રશ્નપુસ્તિકાનો કોડ લખવામાં આવ્યો છે. ઉમેદવારોએ આ કોડ **OMR Sheet** ઉપર દર્શાવવામાં આવેલી જગ્યાએ ચીવટપૂર્વક આંકડામાં તેમજ વર્તુળને ઘટ્ટ બનાવીને લખવાનો છે.

4) **OMR Sheet** ઉપર લખવામાં આવેલો પ્રશ્નપુસ્તિકાનો કોડ અને પ્રશ્નપત્ર ઉપર લખેલો કોડ સમાન હોય તેની ખાત્રી કરી લેશો. આમાં વિસંગતતા હોય તો ખંડ નિરીક્ષકને તરત જ જાણ કરી **OMR Sheet** અથવા પ્રશ્નપત્ર અથવા બંને બદલી આપવા માટે જણાવશો જેથી બંને સેટ એક જ કોડના થાય.

5) ઉમેદવારે તેને આપવામાં આવેલા પ્રશ્નપુસ્તિકાનો કોડ હાજરીપત્રકમાં નિયત સ્થળે લખવાનો છે.

6) **OMR Sheet** ઉપર વિગતો લખવા માટે તેમજ જવાબો નોંધવા માટે કાળી/ભૂરી બોલપોઈન્ટ પેનનો જ ઉપયોગ કરશો.

7) **OMR Sheet** ઉપર 'વ્હાઈટ ફ્લૂઈડ' કે કરેક્શન શાહીનો ઉપયોગ કરવાની છૂટ નથી.

1) ચિત્રની પૃષ્ઠભૂમિ કયા રંગોથી સંપૂર્ણ રીતે ઢંકાઈ જતી નથી ?

(A) પારદર્શક રંગો (B) અપારદર્શક રંગો

(C) ગરમ રંગો (D) વિરોધી રંગો

2) દર્શાવેલ આકાર કયા પ્રકારની સમતુલા દર્શાવે છે ?



(A) પ્રત્યક્ષ સમતુલા (B) પરોક્ષ સમતુલા

(C) પાન સમતુલા (D) ચિત્ર સમતુલા

3) સૂર્યપ્રકાશ ન પહોંચી શકે અને પડછાયો દેખાય તેને શું કહેવાય ?

(A) પ્રકાશીય (B) કાળાશ

(C) છાયા (D) અવકાશ

4) લિયોનાર્દો-દ-વિંચીના કયા ચિત્રમાં છાયા-પ્રકાશની સમતુલા દેખાઈ આવે છે ?

(A) 'લાસ્ટ સપર'

(B) 'ઈસુ વધ'

(C) 'મોનાલિસા'

(D) 'સ્ટ્રીટ સીન'

5) ઈજિપ્ત-ગ્રીસ જેવી પ્રાચીન સંસ્કૃતિમાં કયા ચિત્રમાં અવનવા પ્રયોગો થયા છે ?

(A) ભૌમિતિ આકારોમાં (B) ભાતચિત્રમાં

(C) પદાર્થ ચિત્રોમાં (D) નેચર ચિત્રમાં

6) પ્રણાલિગત સુશોભનોમાં કેવા પ્રકારની ભાત વિશેષ જોવા મળે છે ?

(A) વિસ્તર (B) અલંકૃતભાત

(C) છાયા-પ્રકાશ ચિત્ર (D) ભાતચિત્ર

7) કાંસકો કયા પ્રકારનું વિસ્તરણ કહી શકાય ?



(A) રેખામાંથી (B) પાયામાંથી


(C) પ્લાસ્ટીકમાંથી (D) ધરીમાંથી

8) ચોરસ, ત્રિકોણ, વર્તુળ જેવા આકારોમાંથી બનતી ભાતને કેવી ભાત કહેવાય છે ?

(A) ભૌમિતિક (B) વિવિધ રચના

(C) વૈકલ્પિક ભાત (D) હેતુલક્ષી રચના


9) પાંદડાની નસો શેમાંથી વિસ્તરણ દર્શાવે છે ?



(A) નસમાંથી વિસ્તરણ (B) પાયામાંથી

(C) ધરીમાંથી (D) રેખામાંથી


10) આ કયા પ્રકારનું પુનરાંકન છે ?



(A) ત્રેવડું પુનરાંકન (B) ઉલટ સુલટ પુનરાંકન

(C) વૈકલ્પિક પુનરાંકન (D) સરળ પુનરાંકન


11) આ શેમાંથી વિસ્તરણ થયેલું ગણાય ?



(A) સૂર્યમાંથી (B) ગોળામાંથી

(C) કેન્દ્રમાંથી (D) આકારમાંથી

12) આ કયા પ્રકારનું પુનરાંકન છે ?



(A) ઉલટ-સુલટ પુનરાંકન (B) સાદુ પુનરાંકન

(C) બેવડું પુનરાંકન (D) ત્રેવડું પુનરાંકન

13) 'તાજમહાલ' કઈ સમતુલાનો પ્રકાર છે ?

(A) પ્રત્યક્ષ સમતુલા (B) આરસના પથ્થરની સમતુલા

(C) ફ્રિહેન્ડ સમતુલા (D) સ્થાપત્ય સમતુલા

14) સરખેજના રોજા પાસે કોની કબર આવેલી છે ?

(A) રાજા હઠીસિંહ (B) મહમદ ખટ્ટુ

(C) મહમદ બેગડા (D) શેખ સુફી સંત

15) હઠીસિંહના દહેરાંનું સ્થાપત્ય આબુમાં આવેલા કયા મંદિરની સામ્યતા ધરાવે છે ?

(A) જૈન મંદિર (B) જિનાલય મંદિર

(C) બૌદ્ધ મંદિર (D) વિષ્ણુ મંદિર

16) કયા પ્રિન્સીપાલે વિદ્યાર્થીઓ દ્વારા અજંતાની ગુફાચિત્રોની અનુકૃતિ તૈયાર કરાવી હતી ?

(A) જેમ્સ ફર્ગ્યુશન (B) સર જોન્સન

(C) જહોન ગ્રિફીક્સે (D) જૈન આચાર્યમુનિ

17) બૌદ્ધ સાધુઓનું પૂજા-પ્રાર્થના માટેના સ્થાનને કઈ ગુફાઓ કહેવામાં આવે છે ?

(A) પ્રાર્થનાસભા ગુફા (B) ચૈત્ય ગુફા

(C) અધ્યયન ગુફાઓ (D) વિહારધામ ગુફા

18) 'સ્તૂપ' એટલે શું ?

(A) વિહાર ગુફા મંદિર

(B) ભગવાન બુદ્ધના અવશેષો મુકીને તેની ઉપર રચાયેલી સમાધી

(C) ભગવાન બુદ્ધના અવશેષોનું વિહારધામ

(D) બૌદ્ધ સાધુઓના અવશેષો મુકીને તેની ઉપર રચાયેલી કલાત્મક સમાધી

19) અજંતાની ગુફાઓના ચિત્રોમાં બુદ્ધના જીવન પ્રસંગો અને કઈ કથાઓનું ચિત્રાંકન કરવામાં આવ્યું છે ?

(A) જાતક કથા (B) બૌદ્ધ ધર્મ કથા ચિત્રો

(C) પ્રાર્થના-ઉપાસના ચિત્રો (D) જીવન પ્રસંગચિત્રો

20) કલાનો ખજાનો કઈ ગુફાઓમાં સચવાયેલો છે ?

(A) બદામીની ગુફાઓમાં

(B) અજંતાની ગુફાઓમાં

(C) મહારાષ્ટ્રની એલિફન્ટાની ગુફા

(D) જૈન ધર્મની ઈલોરા ગુફા

21) મસ્જિદ-એ-નગીના કયા ઈ.સ. માં બાંધવામાં આવેલી છે ?

(A) 1455 (B) 1657

(C) 1454 (D) 1456

22) નીચે આપેલા લક્ષણો પૈકી કયા બે લક્ષણો પાલ શૈલીના છે ?

(O) ચિત્રોમાં મુખ્યત્વે લાલ, ભૂરો અને માટી જેવા પીળા રંગો, અણિદાર નાક, અર્ધ બિડાયેલા નેત્રો.

(P) ગરૂડની ચાંચની જેમ ગાલથીયે આગળ નીકળેલું નાક

(Q) આગળ નીકળેલી છાતી, પાતળું પેટ

(R) ગતિશીલતાને સ્થાને સ્થિરતા

(A) O અને R (B) P

(C) માત્ર Q (D) આપેલા દરેક

23) આ શૈલી ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન અને માળવામાં ઈ.સ.ની 12મી સદીમાં અસ્તિત્વમાં આવી તેની હસ્તપ્રતોમાં લઘુચિત્રો થયા છે. કલ્પસૂત્ર, કાલકાચાર્ય કથા, નેમિનાથ ચરિત્ર, બારસાખ સૂત્ર વગેરે લઘુ ચિત્રો જોવા મળે છે. તે શૈલી કઈ છે ?

(A) પાલ શૈલી (B) ગાંધાર શૈલી

(C) રાજપુત શૈલી (D) જૈન શૈલી

24) ચિતારાઓ રાજ્યાશ્રિત હોવાથી મહારાજાઓના ચિત્રો કરતા. નવરાશના સમયમાં 'રાધાકૃષ્ણ'–'રાસલીલા'–કૃષ્ણભક્તિનાં ચિત્રો દીવાલો ઉપર કઈ શૈલીના ચિતારાઓ ચિત્રો કરતા હતા ?

(A) રાજપુત શૈલી (B) પાલ શૈલી

(C) કાંગડા શૈલી (D) મોગલ શૈલી

25) ગંગાવતરણ અને ગરુડવાહક વિષ્ણુનાં શિલ્પો કઈ ગુફામાં કયા મંદિરના સ્થાપત્યમાં આવેલું છે ?

(A) ગુફા નં.- 1 – ઈલોરા મંદિર

(B) ગુફા નં.- 16 – કૈલાસ મંદિર

(C) ગુફા નં.- 4 – બૌદ્ધ મંદિર

(D) ગુફા નં.- 16 – જૈન મંદિર

26) ઈલોરાની ગુફાઓમાં સૌથી પ્રભાવશાળી શિલ્પ કયું છે ?

(A) રાષ્ટ્રકુટ રાજા કૃષ્ણદેવ

(B) શિવ પાર્વતિ

(C) કૈલાસ ઉપાડતો રાવણ

(D) બુદ્ધ અને યશોધરા

27) ગુફા નં. - 16 ના શિલ્પમાં ભગવાન શિવ સ્થિર ને શાંત રહી એક પગના અંગૂઠાના દબાણ વડે કોની શક્તિને ખાળી રહ્યા છે એવું શિલ્પ છે ?

(A) ત્રિપુર શિવની (B) કૃષ્ણ વેરુલની

(C) રાવણની (D) ભગવાન શિવની

28) ઈલોરાની ગુફાના શિલ્પોમાંથી કોણ કૈલાસ પર્વતને પોતાના બળથી ધ્રુજાવી રહ્યો હોય તેવું દર્શાવ્યું છે ?

(A) રાવણ (B) ભીમ

(C) રાજારામ (D) અર્જુન

29) મનમાં ઊઠતા ભાવ-તરંગો સચોટ રીતે કોણ વ્યક્ત કરી શકે છે ?

(A) કલાકાર (B) શિક્ષણકાર

(C) સર્જનકાર (D) ભાવ તરંગકાર

30) કલાકારોમાં સામાન્ય રીતે કયા ગુણો ઓતપ્રોત થઈને વહેતા જોવા મળે છે ?

(A) દયા-કરૂણા

(B) ન્યાય-નૈતિકતા

(C) રંગ-આકાશ

(D) અવકાશ-છાયા

31) શ્રી ટાગોરે કોને શાંતિનિકેતનમાં કલાચાર્ય તરીકે સ્થાપ્યા ?

(A) શ્રી રવિવર્મા (B) શ્રી નંદલાલ બોઝ

(C) આચાર્ય હેવેલ (D) ગુરૂદેવ હલદર

32) સ્ત્રીઓને અલંકારોથી શણગારીને થાકી ગયેલા કલાકારોએ કોને અલંકારોથી શણગાર્યા છે ?

(A) દેવ-દેવી (B) દેવ-દાનવ

(C) અજંતાના થાંભલા (D) અજંતાના સાધુઓને

33) શ્રી અહિવાસીમાં કલાકાર ઉપરાંત બીજી કઈ કલાના ગુણો હતા ?

(A) નૃત્યકારના

(B) સંગીતકાર-સાહિત્યકાર

(C) મિલનસારના

(D) કલાવિવેચકના

34) વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસમાં કોના ચિત્રો જોવા મળે છે ?

(A) રાજા રવિ વર્મા
(B) શ્રી મગનલાલ ત્રિવેદી
(C) શ્રી મનસુખભાઈ
(D) શ્રી વિનોદ શાહ

35) 'બનાના સેલર્સ' કોનું પ્રખ્યાત ચિત્ર છે ?

(A) અમૃતા શેરગીલ
(B) શ્રી મગનલાલ ત્રિવેદી
(C) શ્રી બળવંત જોષી
(D) શ્રી ભૂપત લાડવા

36) 1948 માં કયા કલાકારે આસામના આદિવાસી વચ્ચે ફરીને વિષયોની ખોજ માટે ઝઝૂમ્યાં ?

(A) શ્રી જગન્નાથ અહિવાસી
(B) શ્રી શ્યાવક્ષ ચાવડા
(C) શ્રી બંસીલાલ વર્મા
(D) શ્રી અમૃતા શેરગીલ

37) ગુજરાતમાં 'કટાક્ષચિત્રો' નો પાયો નાખનાર

(A) 'ચકોર'
(B) કાર્ટુનિષ્ટ બકોર
(C) વ્યંગકાર પંકજ
(D) શ્રી ભૂપત લાડવા

38) શિવમંદિરના ચોગઠા તળની લંબાઈ અને પહોળાઈ કેટલા મિટર છે ?

(A) 45 મીટર લંબાઈ અને 84 મીટર પહોળાઈ
(B) 40 મીટર લંબાઈ અને 45 મીટર પહોળાઈ
(C) 47 મીટર લંબાઈ અને 48 મીટર પહોળાઈ
(D) 85 મીટર લંબાઈ અને 45 મીટર પહોળાઈ

39) શિવ મહાત્મ્યના વિભિન્ન પ્રસંગો કયા નંબરની ગુફામાં કોતરવામાં આવ્યા છે ?

(A) ગુફા નં. - 11
(B) ગુફા નં. - 16
(C) ગુફા નં. - 17
(D) ગુફા નં. - 34

40) ગંગા, યમુના અને સરસ્વતીનાં શિલ્પો કયા મંદિરમાં કોતરેલાં છે ?

(A) કૈલાસ મંદિર (B) સૂર્ય મંદિર

(C) બૌદ્ધ મંદિર (D) જૈન મંદિર

41) જૈન ઉપાશ્રય એ શેના માટેનું સ્થાન છે ?

(A) ધર્મસાધના-ઉપાસના

(B) આરામ-નિદ્રા

(C) બુદ્ધના અવશેષો સાચવવા

(D) વિહાર માટે

42) 'દશાવતાર ગુફા' માં કયા રાક્ષસનો વધ કરતાં નૃસિંહના શિલ્પ છે ?

(A) ભષ્માસુર

(B) ગંગાધર

(C) હિરણ્યકશિપું

(D) કશિપુહિરણ્ય

43) શ્રી નંદલાલના ચિત્રોમાં કોની આભા ઉપસી છે ?

(A) અજંતાના ચિત્રોની

(B) શ્રી ટાગોરના ચિત્રોની

(C) શ્રી અહિવાસીની

(D) શ્રી રાગ બિહારીની

44) બંગાળની લોકકળામાંથી પ્રેરણા લઈ ચિત્રસર્જનો કરનાર કલાકાર કોણ છે ?

(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર

(B) શ્રી નંદલાલ બોઝ

(C) શ્રીમાન જેમીની રોય

(D) શ્રી અમૃતા શેરગીલ

45) નૈસર્ગિક વસ્તુઓ અને જોરદાર રેખા અને ભાવવાહી પાત્રસૃષ્ટિ ઊભી કરનાર સમર્થ કલાકાર કોણ છે ?

(A) શ્રી રોય (B) શ્રી નંદલાલ બોઝ

(C) શ્રી શ્યાવક્ષ ચાવડા (D) કલાગુરૂ રવિન્દ્રનાથ ટાગોર

46) આદિમાનવ વિચારોની આપ-લે કરવા માટે શેનો ઉપયોગ કરતો ?

(A) વસ્તુઓનો (B) ચિત્ર પ્રતિકોનો

(C) અવાજનો (D) ભાષાનો

47) આદિમાનવ શિકાર કરવા માટે પથ્થર કે લાકડાના બોથડ ટુકડાનો ઉપયોગ માટે યોગ્ય ઘાટ આપીને હથિયાર તૈયાર કરતાં કયા પ્રકારની કલાની શરૂઆત થઈ ?

(A) સુશોભન કલા (B) મોઝેક કલા

(C) શિલ્પકલા (D) હથિયાર કલા

48) સર્જક અને જોનારને એમ બંનેને આનંદ આપે તે કલા કઈ ?

(A) નૃત્યકલા (B) સંગીતકલા

(C) શિલ્પકલા (D) ચિત્રકલા

49) વિવિધ ભાવનાઓ અને કલ્પનાઓને વ્યક્ત કરવા ચિત્રકાર શાનો ઉપયોગ કરે છે ?

(A) અનેક પ્રકારની રેખા

(B) અનેક પ્રકારના અવાજ

(C) વિવિધ પ્રવૃત્તિ

(D) છાયા-પ્રકાશ

50) તમારા ચિત્રમાં હિંસા દર્શાવવા તમે કયો રંગ વાપરશો ?

(A) પીળો (B) વિવિધ રંગો

(C) લાલ (D) જાંબલી

51) પવિત્રતાનું પ્રતિકનો રંગ પીળો અને અવકાશનો રંગ વાદળી બન્નેના એકબીજા સાથે મળી જવાથી કયા રંગમાં ફેરવાય છે ?

(A) ભૂરો-પીળો
(B) લીલો-પીળો
(C) નારંગી-કેસરી
(D) લીલો રંગ

52) વીરતાનો કયો રંગ બલિદાન અને શૂરાતનનો ભાવ દર્શાવે છે ?

(A) કેસરી રંગ
(B) પીળો રંગ
(C) લીલો રંગ
(D) જાંબલી રંગ

53) સફેદ રંગ શાંતિના પ્રતિક ઉપરાંત કયા બેભાવ પ્રદર્શિત કરે છે ?

(A) કપટ-છળ
(B) ગમગીની-આરામ
(C) શુધ્ધતા-સ્વચ્છતા
(D) શોક-પ્રતિભા

54) શ્રી જશુભાઈ નાયકને કોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) પદ્મશ્રી એન.એસ. બેન્દ્રે
(B) શ્રી વર્મા
(C) શ્રી શ્યાવક્ષ ચાવડા
(D) શ્રી એમ.એફ. હુસેન

55) 1997 માં શ્રી જશુભાઈ નાયકનું કયા રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય સ્તરે સન્માન કર્યું હતું ?

(A) શ્રી જ્ઞાનિ ઝૈલસિંહ
(B) શ્રી શંકરદયાળ શર્મા
(C) શ્રી અટલબિહારી બાજપાઈ
(D) શ્રી મોરારજી દેસાઈ

56) વિરોધ પ્રદર્શિત કરવા કયો રંગ વપરાય છે ?

(A) કાળો રંગ
(B) સફેદ રંગ
(C) લાલ રંગ
(D) લીલો

57) કર્કવૃત્તની રેખા ઉપર પૂર્વાભિમુખ ધરાવતું મંદિર તે :

(A) દેલવાડાના જૈન મંદિર
(B) જૈન મંદિર
(C) સૂર્ય મંદિર
(D) ભીમદેવનું મંદિર

58) ગુજરાતના કયા યુગની ભવ્યતાનું પ્રતિક મોઢેરાનું સૂર્યમંદિર છે ?

(A) મોગલ યુગ
(B) સોલંકી યુગ
(C) અશોકવંશ યુગ
(D) સૂર્યવંશ યુગ

59) સૂર્યમંદિરમાં એક પથ્થર ઉપર સાત અશ્વોની આકૃતિ છે તે કયા દેવની મૂર્તિની પીઠિકા હોવાનું મનાય છે ?

(A) સૂર્યદેવ
(B) ભીમદેવ
(C) વરૂણદેવ
(D) સુવર્ણદેવ

60) 'અમદાવાદનું રત્ન' આ મસ્જિદના સ્થાપત્યમાં હિન્દુ સ્થાપત્યમાં હોય તેવા ગોખલા, ખૂણાઓ, સ્થંભો અને આધારશિલાઓ શાનાથી સભર છે ?

(A) ફૂલ-વેલથી
(B) કોતરકામથી
(C) શિલ્પથી
(D) મસ્જીદે નગીનાથી

61) મુસ્લીમ સ્થાપત્યોમાં સ્થાપત્યની આગળ કે છેડા ઉપર કલાત્મક ઝરૂખાવાળા સ્થંભ હોય છે. જેને મિનારા કહે છે. તો હિન્દુ સ્થાપત્યમાં સ્થાપત્યની આગળ બે સ્થંભો ઉપર શું મૂકીને પ્રવેશદ્વાર બનાવેલા હોય છે ?

(A) ઝરૂખાઓ
(B) કલાત્મક તોરણો
(C) કલાત્મક પિઠીકાઓ
(D) કલાત્મક ગોખલાઓ

62) અમદાવાદમાં આવેલ પથ્થરનું વજનદાર સ્થાપત્ય 'મિનારા' કઈ મસ્જીદમાં આવેલા છે ?


(A) સીદી બસીરની મસ્જિદ
(B) રાણીની મસ્જિદ
(C) જુમ્મા મસ્જિદ
(D) પથ્થરની મસ્જિદ

63) આ મિનારા કઈ રેખાનો પ્રકાર છે ?



(A) મસ્જીદે નગીના
(B) ઊભી રેખા
(C) સીધી રેખા
(D) ઊભી-ત્રાંસી રેખા

64) ઉડતું વિમાન કે ગતિ દર્શાવવા કઈ રેખાનો ઉપયોગ થાય છે ?



(A) ઊભી રેખા
(B) જાડી રેખા
(C) ત્રાંસી રેખા
(D) જાડી-પાતળી રેખા

65) માધુર્ય, લય, તાલ કઈ રેખા દર્શાવે છે ?

(A) આડી અવળી રેખા
(B) વમળયુક્ત રેખા
(C) ગુણક રેખા
(D) તાલબધ્ધ રેખા

66) કયા ત્રણ રંગોના મિશ્રણથી રંગોની અનેક શ્રેણી રચી શકાય ?

(A) લાલ, પીળો, જાંબલી
(B) પીળો, લીલો, કેસરી
(C) લાલ, પીળો, વાદળી
(D) પીળો, લાલ, સફેદ

67) શ્રી પ્રેમચંદ સલાટે કયા મંદિરનું બાંધકામ કઈ ઈ.સ. માં કર્યું હતું ?

(A) હઠીસિંહના દહેરાં ઈ.સ.1848
(B) દેલવાડાના જૈન મંદિર ઈ.સ.1748
(C) કિર્તીતોરણનું મંદિર ઈ.સ. 1847
(D) સૂર્ય મંદિર ઈ.સ. 1846

68) બૌદ્ધ ધર્મની યશગાથા ગાતો ભવ્ય ઈતિહાસ કઈ નદીની બાજુમાં આવેલો છે ?

(A) સરસ્વતી નદી
(B) સાબરમતી નદી
(C) વાઘોરા નદી
(D) શર્મિષ્ઠા નદી

69) નીચેના પૈકી બૌદ્ધ ધર્મ પ્રત્યેની અનન્ય શ્રધ્ધાથી પ્રેરાઈને બૌદ્ધ સાધુઓએ કેટલી ગુફાઓ ક્યાં તૈયાર કરી છે ?

(P) ઈલોરા- 29
(Q) અજંતા - 29
(R) અજંતા - 28
(S) અજંતા-ઈલોરા

(A) P
(B) Q
(C) R
(D) S

70) અજંતાના ચિત્ર 'માર-આક્રમણ' ચિત્રમાં 'માર' એટલે ?

(A) કામદેવ
(B) ભગવાન બુધ્ધ
(C) કામિનીઓ
(D) આક્રમક કન્યા

71) 16મી થી 17મી સદીનો સમયગાળો અને ત્યારના શાસનકર્તાઓ અલગ અલગ પ્રકારની કલાના પ્રોત્સાહક હતા. ત્યારે લઘુચિત્રો વધુ થયાં, વ્યક્તિ ચિત્રો, પશુપંખીનાં ચિત્રો અને રંગોનો વિવિધતાપૂર્ણ ઉપયોગ તથા રંગોમાં પારદર્શકતાપણું એ કઈ શૈલીની વાત છે ?

(A) કાંગડા શૈલી
(B) મોગલ કલા
(C) રાજસ્થાની કલા
(D) જૈન શૈલી

72) ચિત્રોમાં અજંતાનાં ચિત્રો જેવી લયયુક્ત નજાકત, સાતત્ય અને મધુરતા-પહાડી પ્રાકૃતિક દશ્યો, રૂપાળા પાત્રો, સુંદર અને આકર્ષક મુખાકૃતિ, કાવ્યાત્મક આલેખન, ઢળતું કપાળ વગેરેના આલેખનો કઈ શૈલીમાં જોવા મળે છે ?

(A) કાંગડા શૈલી
(B) રાજપુત શૈલી
(C) જૈન શૈલી
(D) મોગલ શૈલી

73) 'તાજમહાલ' નું સ્થાપત્ય કઈ સલ્તનતના રાજાએ તૈયાર કરાવ્યું હતું ?

(A) ગાંધાર સલ્તનત (B) મોગલ સલ્તનત

(C) ઈરાની સલ્તનત (D) રાજપુત સલ્તનત

74) તેમના ચિત્રો વાસ્તવદર્શી વેદો, પુરાણો, મહાભારત, રામાયણ, શાકુંતલ, રઘુવંશ તથા પુરુરવા અને ઉર્વશી, શકુંતલા જન્મ એ કયા કલાકારના છે ?

(A) શ્રી રાજા રવિ વર્મા

(B) શ્રી રવિન્દ્રનાથ ટાગોર

(C) શ્રી અવનીન્દ્રનાથ ટાગોર

(D) શ્રી દેવીપ્રસાદરાય ચૌધરી

75) રાજપુત કલા અને મોગલ કલાના તફાવત નીચે આપેલા પૈકી કયો છે ?

(P) રાજપુત કલા લોકકલા – મોગલ કલા દરબારી કલા

(Q) રાજપુત કલા ધાર્મિક કલા– મોગલ કલા આક્રમક કલા

(A) P અને Q બંને

(B) માત્ર P

(C) P અને Q પૈકી એકપણ નહીં

(D) માત્ર Q

76) 'શિલ્પ સુંદરી ' ની શિલ્પકૃતિ કઈ વાવમાં છે ?

(A) રાણકીવાવ (B) રાજા સોલંકીની વાવ

(C) અડાલજની વાવ (D) દાદાહરીની વાવ

77) વટેમાર્ગુઓ માટે પાણી પીવા પગથિયાવાળા કુવા એટલે ?

(A) હોઝે-એ-કુતુબ (B) કાંકરીયું તળાવ

(C) વાવ (D) પાણીના ઝરણાં

**78)** ગુજરાતના વલસાડ જિલ્લાના મોહનપુર ગામમાં કયા ચિત્રકારનો જન્મ થયો હતો ?

(A) શ્રી ચાવડા (B) શ્રી મગનલાલ ત્રિવેદી

(C) શ્રી જશુભાઈ નાયક (D) શ્રી મોરારજી દેસાઈ

**79)** નીચે આપેલા પૈકી કયું ચિત્ર જૈન શૈલીનું છે ?

(A) નેમિનાથ ચરિત્ર (B) વિશ્વપ્રણાલી

(C) નારીશક્તિ (D) મંગલ જૈન

**80)** પાત્રોમાં ગતિશીલતાને સ્થાને સ્થિરતા, શાંત મુખભાવ, અર્ધબિડાયેલાં નેત્રો વગેરે લક્ષણો કઈ શૈલીના છે ?

(A) જૈન શૈલી (B) કાંગડા શૈલી

(C) પાલ શૈલી (D) રાજસ્થાની શૈલી

**81)** બાળકોની અવલોકન શક્તિનો વિકાસ કયા પ્રકારના ચિત્ર તૈયાર કરતી વખતે થાય છે ?

(A) ચિત્ર સંયોજન (B) છાયા-પ્રકાશ

(C) પદાર્થચિત્ર (D) ચિત્ર નિદર્શન

**82)** ચિત્રમાં રંગકાર્ય કરતી વખતે રંગોની કઈ ખાસિયતોનો ખ્યાલ રાખવા સમજાવશો ?

(A) જળ રંગો હોય તો તેના મિશ્રણનો (B) અપારદર્શકતાનો

(C) તેજસ્વીતાનો (D) રંગોની અભિવ્યક્તિનો

**83)** બાળકોની કલ્પના શક્તિનો વિકાસ કયા પ્રકારના ચિત્રોમાં વધુ થાય છે ?

(A) ભાત-પદાર્થ ચિત્ર (B) ચિત્ર સંયોજન

(C) મુક્ત કલ્પના (D) ચિત્ર વિભાજન

**84)** 'વ્યંગચિત્રો' બનાવવા માટે બાળકોને કેવી રીતે પ્રોત્સાહિત કરશો ?

(A) ચર્ચા કરીને

(B) અગાઉના કાર્ટુન ચિત્ર બતાવીને

(C) વ્યંગમાં જરૂરી બુધ્ધિચાતુર્યના ઉપયોગ કરાવીને

(D) પરીક્ષાલક્ષી તૈયારી કરાવીને

85) ચિત્રકલા અને શિલ્પકલાના વિવિધ સ્વરૂપોની સમજ શા માટે આપવી જરૂરી છે ?

(A) પરીક્ષાની તૈયારી માટે
(B) કિંમતી સમય પસાર કરવા
(C) નવીન ચિત્ર દોરવા
(D) સંસ્કૃતિની ધરોહરને સમજવા

86) બાળક લખતાં શીખે તે પહેલાં શું કરતાં શીખે છે ?

(A) ચિત્ર દોરતાં શીખે છે.
(B) એકડો ઘૂંટતા શીખે છે.
(C) નાટક કરે છે.
(D) મગજશક્તિ કેળવે છે.

87) ચિત્રસર્જન કરવા બાળકોને આદેશ કરી શકાય ખરું ?

(A) હા જરૂર પુરતું.
(B) જે તે વિષય અંગેનો ભાવ વાર્તાલાપથી કરી શકાય.
(C) અગાઉના ચિત્રો બતાવીને
(D) પરીક્ષાલક્ષી લાભ જણાવીને

88) શૈક્ષણિક પ્રવાસ દ્વારા સ્થળોની મુલાકાત લઈ શેનો હેતુ સિધ્ધ થઈ શકે છે ?

(A) સ્થાપત્યો જોઈ આપણી સંસ્કૃતિની ધરોહરનો પરિચય કેળવાય તેનો.
(B) બાળક આનંદ અનુભવે તેનો.
(C) નવું જોવાનો શોખ જાગે તેનો.
(D) ગમ્મત મેળવવાનો.

89) કલાના અભ્યાસથી કઈ શક્તિ ખીલવી શકાય ?

(A) સુષુપ્ત સર્જન શક્તિ
(B) અવકાશ શક્તિ
(C) રંગપારખવાની શક્તિ
(D) બાહ્ય શક્તિ

90) કલા શિક્ષણ માટે કેવા પ્રકારનો માહોલ જરૂરી છે ?

(A) જે તે વિષય અંગેનો ભાવ વાર્તાલાપથી તૈયાર કરીને
(B) આદેશાત્મક હુકમ કરીને
(C) અગાઉના રંગકાર્ય બતાવીને
(D) ચિત્ર જાતે દોરી બતાવીને

91) સૂર્યપ્રકાશ ન પહોંચી શકે અને પડછાયો દેખાય તેને છાયા કહેવાય છે. આ સાબિત કરવા તમે બાળકોને નીચેના પૈકી કઈ રીતે સમજ આપશો ?

(A) પદાર્થ ઉપર પ્રકાશ પાડીને

(B) ચિત્ર દોરીને

(C) છાયા-પ્રકાશ પેન્સિલ વડે બતાવીને

(D) ચાર્ટ ચિત્રો બતાવીને

92) 'પ્રત્યક્ષ સમતુલા' ને વિસ્તૃત રીતે સમજાવવા બાળકોને કેવી રીતે પ્રત્યક્ષ સમજાવશો ?

(A) આકૃતિઓનો ઉપયોગ કરીને

(B) ચિત્રો બતાવી

(C) સૈનિકની જેમ સાવધાનની મુદ્રામાં ઉભા રહીને

(D) વાર્તાલાપ કરીને

93) 'અક્ષરલેખન' થી બાળકો વધુ સારું શું કરી શકે ?

(A) લેખન કરી શકે.

(B) રંગકાર્ય કરી શકે.

(C) અક્ષરો મરોડદાર કરી શકે.

(D) જાહેરાત કરી શકે.

94) ચિત્ર ક્યારે પૂર્ણ થયેલું ગણાય ?

(A) પૂઠા ઉપર ચોંટાડીને

(B) દિવાલ પર લટકાવીને

(C) આકારોનું સુયોજિત સંકલન ગોઠવીને

(D) ચિત્ર ઉપર પ્રકાશ પાડીને

95) ભાતચિત્ર માટે બાળકોને કયા આકારોનો વધુ ઉપયોગ કરવા પ્રેરણા આપશો ?

(A) બીજા એ દોરેલા

(B) પાઠ્યપુસ્તકના આધારે

(C) ફળ, ફૂલ, પાંદડાં, પતંગિયાં, પંખીના આકારો

(D) પરીક્ષાલક્ષી લાભ માટે

96) પદાર્થચિત્ર અંગેની સમજ આપવા શું કરશો ?

(A) માનવ સર્જીત અને કુદરતી પદાર્થનો તફાવત જણાવીને
(B) પદાર્થોનું રસદર્શન કરીને
(C) પદાર્થચિત્ર દોરીને
(D) છાયા-પ્રકાશ બતાવીને

97) ચિત્રમાં બાળકોને પૃષ્ઠભૂમિ કયા રંગોથી સંપૂર્ણ રીતે ઢંકાઈ જતી નથી તે બતાવવા શું કરશો ?

(A) ગરમ રંગોનો ઉપયોગ કરીને
(B) વિરોધી રંગોનો ઉપયોગ કરીને
(C) અપારદર્શક રંગોનો ઉપયોગ કરીને
(D) પારદર્શક રંગોમાં પાણી ઉમેરીને

98) બાળકોને પાયામાંથી વિસ્તરણ દર્શાવવા માટે કયા પદાર્થને પ્રત્યક્ષ બતાવીને કરી શકાય ?

(A) કાંસકો
(B) ખુરશી
(C) ટેબલ
(D) બ્લેક બોર્ડ

99) બાળકોને કંપાસના સાધનોના ઉપયોગથી કઈ ભાત દોરતા શિખવી શકાય ?

(A) ભૌગોલિક રચના
(B) કાલ્પનિક કંપાસ રચના
(C) ગોળ-ચોરસ-ત્રિકોણ રચના
(D) ભૌમિતિક રચના

100) વર્ગખંડમાં રહેલા ઓબ્જેક્ટ દ્વારા 2D અને 3D આકાર કેવી રીતે પ્રત્યક્ષ સમજાવશો ?

(A) ચાર્ટ ચિત્રો દ્વારા
(B) રમત રમાડીને
(C) વાર્તાલાપ કરીને
(D) ફોટોફ્રેમ-ટેબલ-ડસ્ટર બતાવીને